**આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો**
**અનુસૂચિત જાતિ કલ્યાણની**
**યોજનાઓ તબદીલ કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અજક-૧૦૨૦૧૧-૨૮૭-ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૩-૦૯-૨૦૧૧

વંચાણમાં લીધાઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૩/૪/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃ નઅપ /૧૦૨૦૧૧ / ૨૨૨/વસુતાપ્ર.-૧

(૨) મહેસૂલ વિભાગનો તા.૧૩/૪/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃ પફર/૧૦૨૦૧૧/૨૭૫/લ.૧

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૩/૮/૨૦૧૧ નો પત્ર ક્રમાંકઃ અજાક/ સંકલન/૨૦૧૧/૨૩૯૭.

આ મુ ખ

તાલુકા કક્ષાના લાભાર્થીઓને જીલ્લા કક્ષાને બદલે તાલુકા કક્ષાએથી જરૂરી લાભો આપી શકાય તે માટે રાજય સરકાર દ્વારા "આપણો તાલુકો - વાઇબ્રન્ટ તાલુકો" કાર્યક્રમને અમલમાં મુકવા તાલુકા કક્ષાએ "જનસેવા કેન્દ્રો" ઊભા કરવાનો નિર્ણય સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૪/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ નઅપ-૧૦૨૦૧૧-૨૨૨-વસુતાપ્ર-૧ થી કરવામાં આવેલ છે.

ઠ રા વ

પુખ્ત વિચારણાના અંતે "આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો" યોજના અંતર્ગત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળની આ સાથેના પત્રકમાં દર્શાવેલી ૧૯ યોજનાઓનો અમલ ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી, મહાનગરપાલિકા વિસ્તાર માટે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળના જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (જીલ્લા પંચાયત) અને નગરપાલિકા વિસ્તાર માટે મામલતદાર મારફતે કરવાનું ઠરાવવામાં આવે છે.



→

આ અંગે અન્ય આનુષાંગિક બાબતો અંગે નીચે મુજબની સ્પષ્ટતાઓ / સૂચનાઓ / આદેશો બહાર પાડવામાં આવે છે.

૧. "આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો" (ATVT) અંતર્ગત તબદીલ થયેલ યોજનાઓના અમલ માટે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, સમાજ સુરક્ષા હેઠળના તાલુકા / જીલ્લા કક્ષાએથી ઉપલબ્ધ સમાજ કલ્યાણ નિરીક્ષકોના મહેકમની એવી રીતે ફાળવણી કરવાની રહેશે જેથી દરેક તાલુકા કક્ષાના સેવા કેન્દ્ર માટે ઓછામાં ઓછો એક સમાજ કલ્યાણ નિરીક્ષક ઉપલબ્ધ થાય. તાલુકા કક્ષાએ નિમાયેલ નિરીક્ષકોએ અનુસૂચિત જાતિ કલ્યાણ, વિકસતી જાતિ કલ્યાણ અને સમાજ સુરક્ષા કલ્યાણ એમ ત્રણેય ખાતાની તબદીલ થયેલ યોજનાઓની કામગીરી કરવાની રહેશે. તેમણે સંબંધિત તાલુકા વિકાસ અધિકારી / મામલતદારના તાબા, નિયમન અને દેખરેખ (Command, Control and Supervision) હેઠળ નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાની રહેશે. તબદીલ થયેલ યોજનાઓ સિવાયની ખાતા હસ્તકની યોજનાઓની કામગીરી પણ સંબંધિત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષકોએ જ કરવાની રહેશે. તબદીલ થયેલ નિરીક્ષકો ઉપર શિસ્ત વિષયક કાર્યવાહી માટે જે તે નિયામક હસ્તક હાલની પ્રથા ચાલુ રહેશે.

૨. ગુજરાત સરકારના કામકાજના નિયમો (Rules of Business) ના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે પ્રભારી વિભાગ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ રહેશે.

૩. નાણાકીય અને વહીવટી સત્તાઓના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે ખાતાના વડાની (Directorate) ભૂમિકા હાલની પ્રથા પ્રમાણે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ બજાવશે.

૪. તબદીલ થયેલ યોજનાઓનું સ્વરૂપ અને ઢાંચો આ યોજનાઓ અંગે વખતો વખત થયેલ ઠરાવો, પરિપત્રો અને જાહેરનામા પ્રમાણે રહેશે.

૫. તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને તબદીલ થયેલી યોજનાઓને જરૂરિયાત મુજબ ગ્રાન્ટની ફાળવણી જીલ્લા કક્ષાએથી જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી(જીલ્લા પંચાયત) દ્વારા કરવામાં આવશે. તબદીલ થયેલ ગરીબ લક્ષી યોજનાઓના સાંગોપાંગ અમલ માટે તાલુકા કક્ષાના સેવા કેન્દ્રો ઉપર તેમનો Command, Control, Supervision and Accountability તરીકેની ભૂમિકા ચાલુ રહેશે.

→

૬. તાલુકા સેવા કેન્દ્રો ખાતે તબદીલ થયેલી યોજનાઓ માટે તાલુકા કક્ષાએ કાર્યક્રમ અને પૂરતું મહેકમ ન ગોઠવાય ત્યાં સુધી, યોજનાઓ ખોરંભે ન પડી જાય અને છેવાડાના ગરીબ લાભાર્થીઓ યોજનાઓના લાભથી વંચિત રહી ન જાય તે માટે પ્રવર્તમાન અમલીકરણ તંત્રએ અમલ ચાલુ રાખવાનો રહેશે.

૭. તબદીલ થયેલી યોજનાઓના સરળ અમલીકરણમાં વહીવટી, નાણાકીય, મહેકમ કે અન્ય આનુષાંગિક ઊભા થતા પ્રશ્નો / મુશ્કેલીઓનું નિરાકરણ લાવવાની જવાબદારી નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

( પી.એલ.ઝાલા )
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
તમામ માન.મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
મુખ્યસચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના તમામ વિભાગો
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર
નિયામકશ્રી, વિકાસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર
નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગુજરાત રાજય, ગાંધીનગર
તમામ જિલ્લા કલેકટરશ્રી,
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
નાણાં સલાહકારશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(જીલ્લા પંચાયત)
વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ

"આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો" કાર્યક્રમ હેઠળ તાલુકા કક્ષાએ અમલ માટે ફાળવેલ અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ દર્શાવતું પત્રકઃ-

| અ. નં. | યોજનાનું નામ | પાત્રતા / સહાયના ધોરણો | તાલુકા કક્ષાએ અમલવારી કરનાર |
|---|---|---|---|
| ૧ | બી.સી.કે.-૭૧, શ્રી પરિક્ષીતલાલ મજમુદાર પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃતિની યોજના (ગરીબી નાબુદી કાર્યક્રમ) | • વિદ્યાર્થી અનુ.જાતિનો હોવો જોઇએ.<br>• ગત વર્ષે પાસ હોવા જોઇએ.<br>• ધો.૧ થી ૭ માં રૂ.૧૫૦/- વાર્ષિક<br>• ધો.૮ થી ૧૦ માં રૂ.૩૦૦/- વાર્ષિક | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૨ | બી.સી.કે.-૨, શ્રી પરિક્ષીતલાલ મજમુદાર પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃતિની યોજના | • વિદ્યાર્થી અનુ.જાતિનો હોવો જોઇએ.<br>• ગત વર્ષે પાસ હોવા જોઇએ.<br>• ધો.૧ થી ૭ માં રૂ.૧૫૦/- વાર્ષિક<br>• ધો.૮ થી ૧૦ માં રૂ.૩૦૦/- વાર્ષિક | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૩ | બી.સી.કે.-૪, મુનિશ્રી મેતરાજ- અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોને પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિની યોજના | • અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકો હોવા જોઇએ.<br>• ગત વર્ષે પાસ હોવા જોઇએ.<br>• ધો.૧ થી ૧૦ માં રૂ.૧૧૦/- દસ માસના ડેસ્કોલર<br>• ધો.૩ થી ૧૦ માં રૂ.૭૦૦/- દસ માસના હોસ્ટેલર<br>• એડહોક- ડેસ્કોલરને રૂ.૭૫૦/- વાર્ષિક<br>• એડહોક- હોસ્ટેલરને રૂ.૧૦૦૦/- વાર્ષિક | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૪ | બી.સી.કે.-૬, સરસ્વતી સાધના સહાય યોજના | • અનુ.જાતિના હોવા જોઇએ.<br>• ધો.૮ માં અભ્યાસ કરતી હોવી જોઇએ.<br>• શહેરી વિસ્તારમાં ૩ કી.મી.<br>• ગ્રામ્ય વિસ્તાર માટે ૨.૫ કી.મી.<br>• વાર્ષિક આવક શહેરી વિસ્તાર માટે રૂ.૨૫૦૦૦/-<br>• ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૦,૦૦૦/-<br>• સાયકલ આપવામાં આવે છે. | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |

| | | | |
|---|---|---|---|
| ૫. | **બી.સી.કે.-૧૩,** આઇ.ટી.આઇ. અને ધંધાકીય તેમજ તાંત્રિક અભ્યાસક્રમો માટે શિષ્યવૃતિની યોજના | • વિદ્યાર્થીએ આઇ.ટી.આઇ. કે ધંધાકીય અભ્યાસક્રમની સંસ્થામાં પ્રવેશ મેળવેલ હોવો જોઇએ.<br>• શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા રૂ.૨૫૦૦૦/-<br>• ગ્રામ્ય વિસ્તાર માટે આવક મર્યાદા રૂ.૨૦૦૦૦/-<br>• માસિક સ્ટાઇપેન્ડ રૂ.૨૫૦/-<br>• ૧ વર્ષના માન્ય અભ્યાસક્રમ માટે માસિક સ્ટાઇપેન્ડ રૂ.૧૨૫/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૬. | **બી.સી.કે.-૧૬,** ધો.૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને બે જોડી ગણવેશ સહાયની યોજના | • ધો.૧ થી ૭ માં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓ માટે<br>• શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૫૦૦૦/-<br>• ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૦૦૦૦/-<br>• બે જોડી ગણવેશ પેટે રૂ.૨૦૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૭. | **બી.સી.કે.-૧૭,** અતિ પછાત જાતિના ધો.૧ થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃતિની યોજના. | • અનુ.જાતિ પૈકી ૧૨ અતિ પછાત જાતિના હોવા જોઇએ.<br>• ધો.૧ થી ૧૦ તમામને રૂ.૬૫૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૮ | **બી.સી.કે.-૧૭(એ)** અતિ પછાત જાતિના ધો.૮ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃતિની યોજના. | • અનુ.જાતિ પૈકી ૧૨ અતિ પછાત જાતિના હોવા જોઇએ.<br>• ધો.૧ થી ૧૦ તમામને રૂ.૬૫૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૯. | **બી.સી.કે.-૩૧,** માનવ ગરીમા યોજના | • ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૦૦૦૦/-<br>• શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૫૦૦૦/-<br>• ગ્રીમકો દ્વારા વિવિધ ટ્રેડ માટે કીટ પુરી પડવામાં આવે | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૦ | **બી.સી.કે.-૪૩** સહાય/લોન નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા લોન/ સહાયની યોજના | • લાભાર્થીને ફકત એક જ સ્થળે દુકાન અથવા વ્યવસાયના હેતુ માટે લોન /સહાય મંજુર કરી શકાશે અને અન્ય કોઇ સ્થળે આવી લોન/સહાય મંજુર કરી શકાશે નહિ. | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |

| | | | |
|---|---|---|---|
| | | • અરજદારે સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવાનો રહેશે.<br>• વાર્ષિક આવક મર્યાદા રૂ.૫૦,૦૦૦/- છે.<br>• શહેરી વિસ્તાર ઉપરાંત નગરપંચાયત વિસ્તારમાં ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા રૂ.૭૫૦૦૦/- ની લોન/ સહાય (રૂ.૬૦,૦૦૦/- લોન અને રૂ.૧૫૦૦૦/- | |
| ૧૧ | બી.સી.કે.-૭૩ સહાય/લોન નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા લોન/ સહાયની યોજના. | • લાભાર્થીને ફકત એક જ સ્થળે દુકાન અથવા વ્યવસાયના હેતુ માટે લોન /સહાય મંજુર કરી શકાશે અને અન્ય કોઇ સ્થળે આવી લોન/સહાય મંજુર કરી શકાશે નહિ.<br>• અરજદારે સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવાનો રહેશે.<br>• વાર્ષિક આવક મર્યાદા રૂ.૫૦,૦૦૦/- છે.<br>• શહેરી વિસ્તાર ઉપરાંત નગરપંચાયત વિસ્તારમાં ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા રૂ.૭૫૦૦૦/- ની લોન/ સહાય (રૂ.૬૦,૦૦૦/- લોન અને રૂ.૧૫૦૦૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૨ | બી.સી.કે.-૪૭ કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદ્યકીય સહાય. | • અનુ.જાતિના હોવા જોઇએ.<br>• આવક મર્યાદા રૂ.૧૨૦૦૦/-<br>• ટી.બી. માટે રૂ.૨૫૦/- માસિક (બાર માસ માટે)<br>• રકતપિત માટે રૂ.૪૦૦/- માસિક, દર્દ મટે ત્યાં સુધી.<br>• કેન્સર માટે રૂ.૫૦૦/- માસિક, દર્દ મટે ત્યાં સુધી.<br>• ગંભીર પ્રકારની પ્રસુતિ માટે રૂ.૫૦૦/-<br>• સ્ત્રીઓને થતા પાંડુરોગ માટે રૂ.૧૫૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | **બી.સી.કે.-૭૪** કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદ્યકીય સહાય. | • અનુ.જાતિના હોવા જોઇએ.<br>• આવક મર્યાદા રૂ.૧૨૦૦૦/-<br>• ટી.બી. માટે રૂ.૨૫૦/- માસિક (બાર માસ માટે)<br>• રકતપિત માટે રૂ.૪૦૦/- માસિક, દર્દ મટે ત્યાં સુધી.<br>• કેન્સર માટે રૂ.૫૦૦/- માસિક, દર્દ મટે ત્યાં સુધી.<br>• ગંભીર પ્રકારની પ્રસુતિ માટે રૂ.૫૦૦/-<br>• સ્ત્રીઓને થતા પાંડુરોગ માટે રૂ.૧૫૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૪ | બી.સી.કે.-૫૦, ડો.આંબેડકર આવાસ યોજના | • મકાન સહાય રૂ.૪૫૦૦૦/-<br>લાભાર્થી શ્રમફાળો રૂ. ૭૦૦૦/-<br>કુલ રૂ.૫૨૦૦૦/-<br>• ચુકવણી ૩ હપ્તામાં (પ્રથમ હપ્તો રૂ.૨૧૦૦૦/-, બીજો હપ્તો રૂ.૧૫૦૦૦/- અને ત્રીજો હપ્તો રૂ.૯૦૦૦/- )<br>• ટોયલેટ સહાય રૂ.૨૨૦૦/-<br>લાભાર્થી શ્રમફાળો રૂ.૩૦૦/-<br>**કુલ રૂ.૨૫૦૦/-** | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૫. | **બી.સી.કે.-૫૨**, ડો.આંબેડકર આવાસ યોજના (અતિ પછાત જાતિઓ માટે) | • લાભાર્થી અતિ પછાત જાતિના હોવા જોઇએ.<br>• શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા નથી.<br>• ગ્રામ્ય વિસ્તાર માટે બી.પી.એલ.<br>• મકાન સહાય રૂ.૪૫૦૦૦/-<br>લાભાર્થી શ્રમફાળો રૂ. ૭૦૦૦/-<br>કુલ રૂ.૫૨૦૦૦/-<br>• ચુકવણી ૩ હપ્તામાં (પ્રથમ હપ્તો રૂ.૨૧૦૦૦/-, બીજો હપ્તો રૂ.૧૫૦૦૦/- અને ત્રીજો હપ્તો રૂ.૯૦૦૦/- )<br>• ટોયલેટ સહાય રૂ.૨૨૦૦/-<br>લાભાર્થી શ્રમફાળો રૂ.૩૦૦/-<br>કુલ રૂ.૨૫૦૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | **બી.સી.કે.-૫૪** ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | • લગ્ન કરનાર બે પાત્રમાંથી એક સવર્ણ જાતિનું હોવું જોઇએ અને એક પાત્ર અનુ.જાતિનું હોવું જોઇએ.<br>• લગ્ન કરનાર પૈકીનું એકપાત્ર ગુજરાતનું હોવું જોઇએ.<br>• ૩૫ વર્ષની ઉંમર સુધીના વિધુર કે વિધવા પુનરલગ્ન કરે તેને પણ સહાય મળવાપાત્ર થશે.<br>• રૂ.૫૦,૦૦૦/- . તે પૈકી રૂ.૨૫૦૦૦/- ચેક દ્વારા અને રૂ.૨૫૦૦૦/- એન.એસ.સી. દ્વારા. | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૭. | **બી.સી.કે.-૫૫,** કુંવરબાઇનું મામેરૂ. | • અનુ.જાતિના કુટુંબની પુખ્તવયની એક જ કુમારીકાના લગ્નપ્રસંગે લાભ મળવાપાત્ર છે.<br>• અરજદારની વાર્ષિક આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂ.૨૫૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૦૦૦૦/-<br>• રૂ.૫૦૦૦/- લાભાર્થી કન્યાને લગ્ન પ્રસંગે ચેકથી ચુકવાશે. | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૮. | **બી.સી.કે.-૫૭,** માઇ રમાબાઇ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન - સમુહ લગ્નોને પ્રોત્સાહન આપવા માટેની યોજના. | • આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂ.૨૫૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૦૦૦૦/- છે.<br>• લાભાર્થી યુગલ લગ્ન માટેની નિયત વય ધરાવતા હોવા જોઇએ.<br>• ઓછામાં ઓછા દસ યુગલના સમુહ લગ્ન થવા જોઇએ.<br>• યુગલ દીઠ સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના શ્રીનીધિ બાંધી મુદતની થાપણ યોજના હેઠળ રૂ.૫૦૦૦/- ની કયુમ્યુલેટીવ થાપણની કન્યાના નામની રસીદ આપવામાં આવે છે. | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |

| | | | |
|---|---|---|---|
| | | • આયોજક સંસ્થાને યુગલ દીઠ રૂ.૧૦૦૦/- રોકડ સહાય, મહત્તમ રૂ.૨૫૦૦૦/- ની મર્યાદામાં. | |
| ૧૯. | બી.સી.કે.-૬૨, રાજા હરિશચંદ્ર અંત્યેષ્ઠિ મરણોત્તર ક્રિયા માટેની યોજના. | • આવક મર્યાદા રૂ.૧૫૦૦૦/-<br>• કુટુંબના સભ્યના મૃત્યુ થયાના છ માસમાં અરજી કરવાની રહે.<br>• રૂ.૨૫૦૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |